# ટેક્ષ ટુડે


RNI No.GUJGUJ/2016/74805

e-mail: taxtodayuna@gmail.com
e-mail: editor@taxtoday.co.in
www.taxtoday.co.in - www.taxtodaynews.in

પ્રતિશ્રી,

Tax Today (Monthly)

(ટેક્ષ સંલગ્ન તથા અન્ય મહત્વના સમાચાર પ્રસિદ્ધ કરતું માસિક)

◆ વર્ષઃ ૩, ◆ અંકઃ ૧૧, ◆ સળંગ અંકઃ ૩૪, ◆ તા.૧૭/૦૮/૨૦૧૯, શનિવાર, ◆ પાના-૪, ◆ છૂટક અંકની કિંમત રૂા.૧૦, ◆ વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

◆ તંત્રી-માલિક અને પ્રકાશકઃ ભવ્ય દિપકભાઈ પોપટ, ◆ પ્રકાશન સ્થળઃ ૨૦૨-૨૦૩, ધ્રુવ કોમ્પ્લેક્ષ, પોલીસ લાઇન સામે, ઉના, જી.ગીર સોમનાથ-૩૬૨૫૬૦

◆ ફોન : ૦૨૮૭૫-૨૨૧૭૦૦, ફેક્સઃ ૦૨૮૭૫-૨૨૧૭૦૦, મો. : ૯૯૨૪૧ ૨૧૭૦૦ ◆ મુદ્રણ સ્થળ : પ્રથમેશ ઓફસેટ, ગોંદરા ચોક, ઉના.


## ટેક્ષ ટુડે તંત્રી સ્થાનેથી...



"Article 370 of the Indian Constitution is here by revoked" આ શબ્દો સાંભળતા જ એક ભારતીય તરીકે ગર્વની લાગણી થઈ. પ્રધાનમંત્રી શ્રીનરેન્દ્ર મોદી, ગૃહમંત્રીશ્રી અમિત શાહ એ પ્રકારના રાજનીતિની શક્ષીયત છે કે જેમને તમે ચાહી શકો અથવા તો તેમની પ્રત્યે ધૃણા કરી શકો પરંતુ તેમણે ''ઇગનોર''ના કરી શકો. મોદી સાહેબને એક પ્રધાનમંત્રીનો ચાહક છું. પરંતુ મોદી સાહેબના ભક્તોની સંખ્યા ખૂબ મોટી છે. આ ભક્તોની હરોળમાં હજુ સુધી હું નથી. પણ હા, મોદી સરકારના આર્ટીકલ ૩૭૦ રિવોક કરવાના આ બોલ્ડ નિર્ણય માટે મોદી સાહેબ તથા અમિત શાહ સાહેબ માટે ખૂબ માન થઈ ગયું. Hats Off Team Modi. આ નિર્ણયના કારણે સમગ્ર ભારતમાં ખુશીની લહેર છવાઈ ગઈ છે. અમુક ગણ્યા ગાંઠયા લોકોને બાદ કરીએ તો સમગ્ર ભારત દ્વારા આ નિર્ણયના વખાણ થઈ રહ્યા છે. લદ્દાખમાં તથા જમ્મુમાં આ નિર્ણય અંગે ખૂબ ખુશી પ્રવર્તી રહી હોવાના અહેવાલ છે. કશ્મીરમાં ક્યાક વર્ષો સુધીના બ્રેઇનવોશના કારણે આ નિર્ણય બાબતે વિરોધ થઈ રહ્યાના અહેવાલો છે. મારા અંગત મત મુજબ, આ નિર્ણયના કારણે જમ્મુ કશ્મીર તથા લદ્દાખ તમામને લાંબા ગાળે ખૂબ ફાયદાઓ થશે. પોતાના ખાસ રાજ્યના દરજ્જાના કારણે જમ્મુ કાશ્મીરે ભારતીય પ્રગતિના ભાગ બનવાની તક ગુમાવી હતી. ભારત પ્રગતિના પંથ પર છે અને આ પ્રગતિનો લાભ હવે જમ્મુ-કશ્મીર તથા લદ્દાખને મળશે. હું અંગત રીતે માનું છું કે આ નિર્ણય એ ભારતની એકતા તથા અખંડિતતા માટે ખૂબ જરૂરી હોય તમામ વ્યક્તિ, સંસ્થા, રાજનીતિક પક્ષો એ આ નિર્ણયને પોતાના અંગત વ્યક્તિગત હિત-મંતવ્યો ભૂલી એક સુરે સમર્થન આપવું જોઈએ. અંત માં ફરી ટીમ મોદીને ટીમ ટેક્સ ટુડે વતી આ પ્રકારના અભય નિર્ણય કરવા બદલ શત શત નમન.

ભવ્ય પોપટ-એડિટર

# આ મહીને કરવાના કાર્યો

-: GST :-

| આ મહીને કરવાના કર્યો | છેલ્ી તારીખ | છેલ્ી તારીખ પછી વ્યાજ / દંડ વી. |
|---|---|---|
| ઓગસ્ટ મહિનાનું GSTR 1 | ૧૧ સપ્ટેમ્બર | રોજ ૫૦ રૂા. ની લેઇટ ફી |
| ઓગસ્ટ મહિનાનું GSTR 3B | ૨૦ સપ્ટેમ્બર | રોજ ૫૦ રૂા. ની લેઇટ ફી મોડા વેરા ઉપર ૧.૫ % વ્યાજ |
| જીએસટીનું વાર્ષિક રીટર્ન | ૩૧ ઓગસ્ટ | રોજ ૨૦૦ રૂા. લેઇટ ફી, વધુમાં વધુ |
| | | ટર્નઓવરના ૦.૫૦% ટકા. |
| જીએસટી હેઠળનું ઓડિટ | ૩૧ ઓગસ્ટ | |
| સપ્ટેમ્બર મહિનાનું GSTR 1 | ૧૧ ઓક્ટોબર | રોજ ૫૦ રૂા.ની લેઇટ ફી |
| સપ્ટેમ્બર મહિનાનું GSTR 3B | ૨૦ ઓક્ટોબર | રોજ ૫૦ રૂા.ની લેઇટ ફી મોડા વેરા ઉપર ૧.૫ % વ્યાજ |
| એપ્રિલથી જુન કમ્પોઝીશન (લમસમ) વેરો ભરવાની પરમીશન મેળવેલ વેપારીએ ભરવાનો વેરો તથા ભરવાનું CNP08 | ૩૧ ઓગસ્ટ | મોડા વેરા ઉપર ૧.૫% વ્યાજ |
| એપ્રિલથી જુન GSTR 1 (જેમનું વેચાણ ૧.૫ કરોડથી ઓછુ હોઈ તેમના માટે) | ૩૧ જુલાઇ | રોજ ૫૦ રૂા.ની લેઇટ ફી |

-: ઇન્કમ ટેક્ષઃ-

| આ મહીને કરવાના કર્યો | છેલ્લી તારીખ | છેલ્લી તારીખ પછી વ્યાજ/દંડ વી. |
|---|---|---|
| ઓગસ્ટ ૨૦૧૯નો TDS | ૭ સપ્ટેમ્બર | ૧.૫% વ્યાજ |
| સપ્ટેમ્બર ૨૦૧૯નો TDS | ૭ ઓક્ટોબર | ૧.૫% વ્યાજ |
| એપ્રિલથી જુનનું TDS રીટર્ન | ૩૧ જુલાઇ | રોજ ૨૦૦ રૂા.ની લેઇટ ફી |
| ૨૦૧૮-૧૯ના વર્ષનું ઇન્કમટેક્ષ રીટર્ન ભરવાની છેલ્લી તારીખ (ઓડીટ સિવાયના કરદાતા માટે) | ૩૧ ઓગસ્ટ | ૧૦૦૦/૫૦૦૦ સુધીની લેઇટ ફી તથા ૧% લેખે માસીક વ્યાજ. |

## ઇન્કમ ટેક્સ રિટર્ન ભરવાની મુદ્દતમાં વધારોઃ હવે ૩૧ ઓગસ્ટ ૧૯ સુધી ભરી શકશે રિટર્ન

તા. ૨૪.૦૭.૨૦૧૯: ઇન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ દ્વારા ૩૧ જુલાઈ સુધી ભરવાના થતા રિટર્ન માટે ની મુદ્દત વધારી ૩૧ ઓગસ્ટ કરી આપવામાં આવેલ છે. ઇન્કમ ટેક્સ રિટર્ન ની યુટીલિટી માં વારંવાર ફેરફાર કરવાના કારણે તથા આધાર પાન લિંકિંગ માં પડી રહેલી મુશ્કેલીઓના કારણે આ વધારો કરવામાં આવ્યા નું માનવામાં આવે છે. ૨૩ જુલાઈ ના રોજ આ અંગે ઓર્ડર બહાર પાડવામાં આવ્યો છે. આ વધારો સમયસર આપવા ના કારણે કરદાતા ઉપરાંત કર વ્યાવસાયિકો એ રાહત નો શ્વાસ ચોક્કસ લીધો છે. પરંતુ આધાર પાન લિંકિંગના કારણે હજુ તેઓ માટે આવનારી રાહ સહેલી તો નથીજ!! ટેક્સ ફ્રેટરનીટિ માટે હવે મુશ્કેલી એ પણ હશે કે ઇન્કમ ટેક્સ તથા જી.એસ.ટી. વાર્ષિક ની રિટર્ન ભરવાની છેલ્લી તારીખ હવે એક થઈ ગઈ છે. (બ્યુરો રિપોર્ટ ટેક્સ ટુડે)

## 'ટેક્સ ટુડે'ના અમરેલી ખાતેના પ્રતિનિધિ નીરવ ઝીંઝુવાડિયા દ્વારા કેન્દ્ર સરકારના મંત્રીશ્રી પુરુષોત્તમ રૂપાલા સાથે શુભેચ્છા મુલાકાત



તા. ૨૮.૦૭.૧૯: મોદી સરકાર માં મંત્રી શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા ની શુભેચ્છા મુલાકાત ટેક્સ ટુડે ના અમરેલી ખાતે ના પ્રતિનિધિ અને યુવાન એડવોકેટ નીરવ ઝીંઝુવાડિયા દ્વારા લેવામાં આવેલ હતી. તેઓએ મંત્રીશ્રી ને ટેક્સ ટુડે પ્રકાશન વિશે ની માહિતી આપેલ હતી. પુરુષોત્તમભાઈ રૂપાલા દ્વારા ટેક્સ ટુડે પ્રકાશન તથા નિરવભાઈ ઝીંઝુવાડિયાને ટેક્સ અંગે કરદાતાઓ માં જાગૃતિ ફેલાવવાના પ્રયાસ બદલ અભિનંદન પાઠવ્યા હતા. બ્યુરો રીપોર્ટ ટેક્સ ટુડે

## આધાર કાર્ડ લિન્ક કરવ્યા વગર ઇન્કમ ટેક્સ રિટર્ન ભરાઈ રહ્યા છે !!!



તા. ૦૬.૦૮.૨૦૧૯: ઇન્કમ ટેક્સ રિટર્ન માં જો PAN કાર્ડ સાથે આધાર કાર્ડ લિન્ક હોય તો જ રિટર્ન ભરવું શક્ય હતું. આજે આ રિટર્ન આધાર લિન્ક વગર ભરાઈ રહ્યા છે. જે કરદાતા ને આધાર પાન લીંકિંગ માં મુશ્કેલી છે તેઓએ જલ્દી થી આ રિટર્ન ભરી આપવા હિતાવહ છે. આ અંગે આધિકારિક રીતે કોઈ જાહેરાત કરવામાં આવેલ નથી.

ભવ્ય પોપટ, એડિટર, ટેક્સ ટુડે.

# સવાલ આપના જવાબ 'ટેક્સ ટુડે' એક્સપર્ટના

**ટેક્સ ટુડે એક્સપર્ટ:**
**CA મોનીષ શાહ, અમદાવાદ**
**એડવોકેટ લલિત ગણાત્રા, જેતપુર**
**CA દિવ્યેશ સોઢા, પોરબંદર**

**૧. અમારા અસીલ વર્ક કોન્ટ્રાકટર છે. તેઓ સરકાર ને લેબર સપ્લાય નું કામ પૂરું પડે છે. આ લેબર સપ્લાય ઉપર ક્યાં દરે વેરો લાગે?**

**કૌશલ પારેખ, એકાઉન્ટન્ટ, દીવ**

**જવાબઃ** અમારા મત મુજબ માત્ર લેબર સપ્લાય ના કિસ્સામાં નોટિફિકેશન ૧૨/૨૦૧૭ મુજબ ની એન્ટ્રી ૩ મુજબ પ્યોર સપ્લાય ગણી NIL રેઈટ નો લાભ મળી શકે છે. પણ આ તબક્કે અસીલને એક બાબતે સ્પસ્ટતા કરી દેવી હિતાવહ છે કે આ કામ ના NIL રેટ બાબતે ભવિષ્યમાં પ્રશ્ન ઉપસ્થિત થઈ શકે છે કારણકે એન્ટ્રીમાં એવો પણ ઉલ્લેખ છે કે આ કામ પંચાયત તથા મ્યુનિસિપાલિટીને બંધારણ હેઠળ સોપવામાં આવ્યા છે તે કામો પૈકી હોવા જોઈએ. આ અંગે હજુ ખુલાસા થવાના જરૂરી છે.

**૨. અમારા અસીલ જથ્થાબંધ દવાના વેપારી છે. તેઓની પાસે ૫૦ લાખનો ૧૨% વાળો માલ હતો. આ માલ દુકાનમાં આગ લગતા નાશ થયેલ છે. અમારા ક્રેડિટ લેજરમાં હાલ ૫૦૦૦૦૦/- જેટલી ક્રેડિટ જમાં છે. વીમા ની રકમ મળતા ઘણો સમય થાય. પરંતુ જ્યારે આ વિમાની રકમ મળે ત્યારે ટેક્સ ની શું જવાબદારી આવે? હાલ, જ્યાં સુધી વીમા ક્લેઈમ ના મળે ત્યાં સુધી શું જવાબદારી આવે. વીમા નો ક્લેઈમ ઓછો મળે તે અંગે અમારી જવાબદારી માં શું ફેર પડે?**

**દેવેન્દ્ર સોલંકી, દૂધરેજ**

**જવાબઃ** આગ થી બળી ગયેલા માલ ની ક્રેડિટ જી.એસ.ટી. કાયદાની કલમ ૧૭(૫)(h) મુજબ મળી શકે નહીં. ઈન્સ્યોરન્સ આવે ત્યારે કોઈ જવાબદારી જી.એસ.ટી.ની આવે નહીં.

**૩. અમારા એક અસીલના ૨૦૧૭-૧૮ની ખરીદીના બિલો રિટર્નમાં દર્શાવતા રહી ગયા છે. આ બિલો GSTR 2A માં દર્શાવે છે. શું જૂન ૨૦૧૯ ના રિટર્ન માં આ બિલો માટેની ક્રેડિટ હું લઈ શકું? અને શું આ ક્રેડિટ GSTR9 ના ટેબલ ૮ માં દર્શાવી શકું?**

**વિમલ કાકડિયા,**
**એડવોકેટ, રાજકોટ**

**જવાબઃ** સામાન્ય રીતે વર્ષ ૨૦૧૭-૧૮ની ખરીદી ના બિલો ની ક્રેડિટ જૂન ૨૦૧૯ના રિટર્નમાં મળી શકે નહીં. પરંતુ માનનીય ગુજરાત હાઈકોર્ટનું AAP & Co. નું જજમેંટ (જેમાં 3B એ રિટર્ન નથી તેવું ઠરાવવા માં આવ્યું છે) નો આધાર લઈ આ ક્રેડિટ લઈ શકાય છે( જો વાર્ષિક રિટર્ન બાકી હોય તો જ). પણ આ ક્રેડિટ બાબતે ભવિષ્યમાં આ ઉપરના ચૂકદાઓ ઉપર આધાર રાખશે.

**૪. અમારા અસીલ સોના ચાંદીનો વેપાર કરે છે. તેઓ ૧૦૦૦૦/- નું સોનું વેચે છે સામે ૨૦૦૦/-નું સોનું ખરીદે છે. આવા કિસ્સામાં જી.એસ.ટી. ભરવાની જવાબદારી ૧૦૦૦૦/- ઉપર આવે કે ૮૦૦૦/-(૧૦૦૦૦-૨૦૦૦) ઉપર?**

**ભવ્ય પોપટ, ઉના**

**જવાબઃ** જી.એસ.ટી. કાયદા ની કલમ ૧૫ તથા નિયમ ૨૭ મુજબ તમારે જી.એસ.ટી. ૧૦૦૦૦/- ની રકમ ઉપર ભરવાનો રહે.

**૫. અમારા અસીલ ગુજરાત માં નોંધાયેલ છે. તેઓ મહારાષ્ટ્રથી માલ મંગાવવામાં GTA ની સેવા લે છે. પ્રશ્ન એ છે કે RCM ભરવા માટે CGST-SGST માં ભરવાનો રહે કે IGST માં? મારા મતે આ વેરો IGST કાયદાની કલમ ૧૨ (૮) મુજબ IGST માં ભરવાનો રહે?**

**ભવ્ય પોપટ, ઉના**

**જવાબઃ** આ માટે સૌપ્રથમ એ નક્કી કરવું પડે કે GTA ની સેવા ને આંતર રાજ્ય ગણાશે કે રાજ્યમાંની સર્વિસ. સેવા લેનાર રજીસ્ટર્ડ હોવાથી, પ્લેસ ઓફ સપ્લાય રેસીપીયન્ટ ની ગણાય. તમારા કેસમાં ગુજરાત ગણાય. જો GTA ગુજરાત ના હોઈ તો CGST અને SGST ભરવાનો રહે અને જો GTA ગુજરાત બહાર હોઈ તો IGST ભરવાનો થાય.

## સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઓફ ટેક્સ કન્સલ્ટન્ટ (CGCTC) દ્વારા રેસિડનશીયલ રીફરેશર કોર્ષનું આયોજન




તા.૧૧-૦૮-૨૦૧૯: સેન્ટલ ગુજરાત ચેમ્બર ઓફ ટેકસ કન્સલ્ટન્ટ (CGCTC) દ્વારા દાહણુરોડ, મહારાષ્ટ્ર ખાતે રેસિડનશીયલ રીફરેશર કોર્સ (RRC)નું આયોજન કરવામાં આવ્યું હતું. આ RRC માં સેન્ટ્રલ ગુજરાતના ૯ શહેરોમાંથી ૪૪ ડેલીગેટ્સ એ ભાગ લીધો હતો. આ RRC માં વડોદરાના સિનિયર એડવોકેટ મનુભાઈ વાઘેલા દ્વારા જી.એસ.ટી. કાયદા હેઠળ ઇનપુટ ક્રેડિટની જોગવાઈઓ ઉપર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બરોડાના યુવાન CA ચિંતન પોપટ દ્વારા ઇન્કમ ટેક્સ કાયદા હેઠળ ઇ સ્કુટીનીના વિષય પર મારર્ગદર્શન આપવામાં આવ્યું હતું. RRCને સફળ બનાવવા ટીમ CGCTC દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. (બ્યુરો રિપોર્ટ ટેક્સ ટુડે)

## ઉનાની DSC પબ્લિક સ્કૂલ ખાતે ૭૩માં સ્વતંત્રતા દિવસની ઉજવણી



ઉના, તા. ૧૬.૮.૧૯: ઉનાની DSC પબ્લિક સ્કૂલ ખાતે ૧૫મી ઓગસ્ટ ના રોજ ભારત ના ૭૩માં સ્વતંત્રતા દિવસ ની ઉજવણી ધ્વજવંદન દ્વારા કરવામાં આવી હતી. ઉના ના સિનિયર એડવોકેટ દીપકભાઈ પોપટ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેઓ દ્વારા ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ માં શાળા ના સંચાલકો રાજુભાઇ-પૂર્વીબેન કાનાબાર, દીપકભાઈ-હીનાબેન નથવણી તથા ભવ્યભાઈ-કિરણબેન પોપટ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શાળા ના શિક્ષકો હેતલબેન, ઋષિબેન દ્વારા દેશભક્તિ ગીત તથા સંગીતાબેન દ્વારા ૩૭૦ આર્ટિકલ હટાવવા બાબતે વક્તવ્ય રજૂ કરવામાં આવ્યા હતા. શાળા ના હેડ પ્રિન્સિપાલ હેન્રી જોસેફ દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ નું સંચાલન પ્રિન્સિપાલ મુકેશભાઈ જેઠવા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ ને સફળ બનાવવા શાળા ના એડમિનિસ્ટ્રેટર તરુણભાઈ કાનાબાર, પ્રિન્સિપાલ મહેશભાઈ ઓઝા, ધીરુભાઈ તથા સ્ટાફગણ દ્વારા જહેમત ઉઠાવવા માં આવી હતી. (બ્યુરો રિપોર્ટ ટેક્સ ટુડે)

## ઈન્દોર ખાતે યોજાયું નેશનલ એક્શન કમિટીનું રાષ્ટ્રીય અધિવેશનઃ હવે રાષ્ટ્રીય ફલક પર રચાશે નેશનલ એશોશીએશન ઓફ ટેક્સ પ્રોફેશનલ્સઃ (NATP)




તાઃ ૧૧-૮-૨૦૧૯: ઈન્દોર ખાતે નેશનલ એકશન કમિટી ઓફ જી.એસ.ટી. પ્રોફશન્લ્સ નું રાષ્ટ્રીય અધિવેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજન NAC ઉપરાંત MP ટેક્સ લો બાર એશો.ના સહયોગથી કરવામાં આવ્યું હતું. બ્રિલીયંટ કન્વેશન સેન્ટર ઈન્દોર ખાતે યોજાયેલ આ અધિવેશનમાં ભારતના ૨૧ રાજ્યો તથા ૨ કેન્દ્ર શાશીત પ્રદેશોના સભ્યો હાજર રહ્યા હતા. NACના ચેરમેન ડો. મુર્થી, ડે. ચેરમેન દિપક બાપટ, NACના રાષ્ટ્રીય સયોજક તથા સ્થાપક ડો. અક્ષત વ્યાસ, નિગમ શાહ એ ખાસ હજાર રહી પોતાના ઉપયોગી ઉદબોધ્ન કર્યા હતા. આ અધિવેશન ને સફળ બનાવવા અમિત દવે, એ.કે. લખોટીયા, એ.કે ગોર, મનીષ ત્રિપાઠી સાથે MP બારના સભ્યો એ ખાસ જહેમત ઉઠાવી હતી. હજાર રહેલા તમામ સભ્યો એ એક સુરે રાષ્ટ્રીય સ્તર ના એશોશીએશન બનાવવા ના પ્રસ્તાવ ને પસાર કર્યો હતો. આ નવું બનનારું એશોશીએશન નેશનલ એશોશીએશન ઓફ ટેક્સ પ્રોફેશન્લ્સ એટલેકે NATP તરીકે ઓળખાશે. અધિવેશનમાં નવા બનનારા એશોશીએશન ની કાર્યવાહક સમિતિ ની નિમણૂક કરેલ છે. ૧૫ સભ્યો ની આ ટીમ નીચે મુજબ છે.

| નામ | રાજ્ય/UT | હોદ્દો |
|---|---|---|
| ડો એમ.વાય. કે. મુર્થી | તેલંગાણા | પ્રમુખ |
| અમિત દવે | મધ્ય પ્રદેશ | સહ પ્રમુખ |
| તરહ આહ | આંધ્ર પ્રદેશ | ઉપ પ્રમુખ ઈસ્ટ ઝોન |
| વારીશ ઈશાની | ગુજરાત | ઉપ પ્રમુખ વેસ્ટ ઝોન |
| અરવિંદ ગુપ્તા | ઉતર પ્રદેશ | ઉપ પ્રમુખ નોર્થ ઝોન |
| ટી.વી.એસ.સુબ્બા રાવ | તેલંગાણા | ઉપ પ્રમુખ સાઉથ ઝોન |
| મુકેશ ગુપ્તા | રાજસ્થાન | ઉપ પ્રમુખ સેન્ત્રલ ઝોન |
| નિગમ શાહ | ગુજરાત | જનરલ સેક્રેટરી |
| મનોજ અગ્રવાલ | ઓરિસા | ઝોનલ સેક્રેટરી ઈસ્ટઝોન |
| ભવ્ય પોપટ | દીવ | ઝોનલ સેક્રેટરી વેસ્ટ ઝોન |
| સંજય અરોરા | હરિયાણા | ઝોનલ સેક્રેટરી, નોર્થ ઝોન |
| સુનિલકુમાર કોટા | આંધ્રા પ્રદેશ | ઝોનલ સેક્રેટરી, વેસ્ટ ઝોન |
| અશ્વિન લખોટીયા | મધ્ય પ્રદેશ | ઝોનલ સેક્રેટરી, સેન્ત્રલ ઝોન |
| ભાલચંદ્ર (પ્રકાશ) જોગલેકર | મહારાષ્ટ્ર | ખજાનચી |
| નવીન ગુપ્તા | હરિયાણા | પબ્લિક રિલેશન ઓફિસર |

આ કમિટી ઉપર ૭ સભ્યોની બનેલી ગવારનીગ કાઉન્સીલ તથા ૮ સભ્યોની બનેલી કોંસ્ટીટ્યુશન દ્રફ્ટિંગ કમિટી રહેશે. તમામ સભ્યોને NATPના એડ હોક કમિટી સભ્ય બનવા બદલ અભિનદન. NATPની કોર કમિટીને મારા ઉપર વિશ્વાસ મૂકી ઝોનલ સેક્રેટરી તરીકે મારી નિમૂણૂક કરવા બદલ ડો. અક્ષત વ્યાસ, નિગમ શાહ અને કોર ટીમનો ખાસ આભાર. (ભવ્ય પોપટ, એડિટર ટેક્સ ટુડે)

(આ અખબાર પ્રકાશિત કરવામાં શક્ય તેટલી કાળજી લેવામાં આવેલ છે. છતાં આ લેખનાં વિચારો લેખકોના અંગત મંતવ્યો પર આધાર રાખે છે. ટેક્ષ ટુડે માલિક અથવા તંત્રી આ અંગે કોઇ રીતે જવાબદાર રહેતા નથી.

# ભારતીય બંધારણમાંથી અનુછેદ 370 તથા 35A હટાવવા નો નિર્ણય: શુ કહે છે આ નિર્ણય અંગે બુદ્ધિજીવીઓ

I support the decision of the government of removing article 370 and now there will be unified tax laws PAN India. Now people will be able to freely trade with Kashmir and Jammu and they will be able to progress. Claims of other country that we should allow Kashmiri's to decide now that claim will also be dead. Kashmir can now host INDIAN flag with pride and won't have to be taken as step brother treatment. Since now President will be able to directly control in case of problems and issues. So it will become now to enforce law and security with ease. Thus it is a welcome move. Further now it's important for the government to give the comfort to the public of J and K and also make sure it develops at a greater speed.So it's a good step but also with this comes a responsibility and we need to stand up to it.

**CA Monish Shah, Ahmedabad**

જમ્મુ અને કશ્મીર રીઓર્ગનાઇઝ બિલ પાસ થવા થી આર્ટિકલ 370 અને 35A હવે પાવરમાં નથી. તેમાંથી જમ્મુ અને કશ્મીર અને લદાખ બે કેન્દ્રશાસિત પ્રદેશ બનશે જેનાથી ત્યાંની સિક્યુરિટી કેન્દ્રના હાથમાં હશે એટલે સેફટી વધે અને દેશના તમામ ઉદ્યોગપતિ વર્ગ ત્યાં રોકાણ કરશે તેથી તે પ્રદેશનું વેલ ડેવલપમેન્ટ થશે.. અને મને એવું લાગે છે કે આવનારા દિવસો માં લોકો સ્વીઝરલેન્ડ કરતા જમ્મુ અને કશ્મીર જવાનું વધુ પસંદ કરશે..

**ધર્મેશભાઈ ગૌસ્વામી, શિક્ષક , ઉના**

This is such a bold decision from modi government now we can investment in Jammu & Kashmir and big opertunity for Jammu & kashmir peoples for vikas.

**Kaushik Gangdev, Accountant, Una**

આમ જોવા જઈએ તો આ નિણર્ય ખરેખર યોગ્ય છે કારણ કે ભારતીય સંસ્કૃતિ , ભારતીય સંસાધન ને આગળ લાવવા માટે ભારત ના વેપાર ધંધા ને અને આર્થિક યોગ્યતા. ને મજબૂત બનાવવા તથા અને આર્થિક પરિસ્થિતિને ધ્યાને લઈએ તો આ નિણર્ય ખરેખર યોગ્ય છે દરેક માણસને શાંતિથી જીવવાનો હક છે અને આ સંવિધાન ની હત્યા નથી પણ જીવનદાન છે ૭૦ વર્ષથી આ બાબતે ઘણા લોકો એ કુરબાની આપી છે અને માનનીય પ્રધાનમંત્રી દ્વારા આ જે નિર્ણય લીધો તેમાં એક શિક્ષક તરીકે કહુ તો ખરેખર હવે શિક્ષણનું સ્તર પણ વધશે અને હવે ખરેખર કહી શકાશે કે ભારત મુગટ ધારી દેશ છે. અને એક જ રાષ્ટ્રધ્વજ આખા દેશ માં લહેરાશે. જ્યારે ૩૭૦ હતો ત્યારે ગરીબી ઘર કરી ગઈ હતી અને બાળકો ને શિક્ષણ માટે પણ દર દર ની ઠોકરો ખવી પડતી 'તી અંને કરપશન પણ વધ્યું અને ત્યાંના લોકો ને કોઈ હક ના મળ્યા અને સારું આરોગ્ય પણ ના મળી શક્યું. હવે ખરેખર દેશ આઝાદ થયો કોઈ પ્રકારનું આરક્ષણ ન હતું, રાઈટ ટુ એજ્યુકેશન નો અધિકાર ન હતો આ બધીજ સુવિધાઓ હવે મળશે એટલે આ નિણર્ય યોગ્ય જ છે, લાલબહાદુર શાસ્ત્રી પણ આ ૩૭૦ હટાવવા માગતા હતા પણ અમુક કારણોસર એ શક્ય ના બન્યું.અને આ કોઈ પણ કોમ ની હત્યા નથી પણ હવે ખરેખર સર્વધર્મ સમભાવ સાબિત થશે.

અને હવે જ કહેવાશે કે ભારત મારો દેશ છે બધા ભારતીયો મારા ભાઈ બહેન છે, અને હવે જ કહી શકશે રામ કહો યા રહીમ દોનો એક હી હે ૩૭૦ આદિવાસી અને ઓબીસી વિરૂધ્ધ હતી અને રાજનીતિ રિઝર્વેશન ન હતું સારું ભણેલો વિદ્યાર્થી જો ડોકટર બને તો જમ્મુ કાશ્મીર માં તેને સફાઈ કર્મચારીની જ નોકરી મળતી પણ હવે અને હવે ખરેખર આરોગ્ય બાબતે પણ આગળ વધશે. અને કાશ્મીરની દીકરીઓને પણ હવે તેને હક મળશે અને તેની નાગરિકતા જળવાઈ રહેશે. અને કાશ્મીરમાં શહિદ થયેલા જવાનોને આજે સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે.

**ડો. મુકેશભાઇ જેઠવા, શિક્ષક, ઉના**

A wait of 70 years comes to an end. Superb move by modi ji much awaited and needed decision. This a really very brave decision by goverment with proper management .

#Article370 scrapped!!

Historic day for us. !!!!!!

**Nirav Zinzuvadiya, Tax Consultant, Amreli**

આપણે વ્યક્તિગત આજના નીર્ણયમાં સપોર્ટમાં. ભારતના દરેક રાજ્યના નાગરિક સમાન અધીકાર હોવા જ જોઈએ પણ કાશ્મીરની પ્રજાને આટલા વર્ષમાં જે બ્રેઇન વોશ કરી ને જે કચરો નાખવામાં આવ્યો છે તે એટલી ઝડપથી નીકળશે નહીં એવું હું ૧૦૦ ટકા માનું છું જ્યાં સુધી પ્રજાની વીચારધારા ને ફેરવવા પ્રયત્ન થશે નહીં ત્યાં સુધી કાશ્મીરમાં શાંતિ સ્થાપિત થશે નહીં. આ સરકાર તે દીશામાં ૧૦૦ ટકા પ્રયત્ન કરશે એવું પણ હું માનું છું. આજનો લીધેલ નીર્ણય ખુબ જ હીમતવાળો હોય આ નીર્ણય બદલ મોદી સરકાર અને ખાસ કરીને અમીત શાહ ખુબ ખુબ અભિનંદનને પાત્ર છે

**લલિતભાઈ ગણાત્રા, એડવોકેટ અને કો એડિટર, ટેક્સ ટુડે**

It is one of the most historic step taken by Modi Government to remove article 35A and article 370 of the Indian Constitution. This is a step as good as a surgicle strike and it shall definitely be appreciated by all Indian Citizen. When I heard regarding some of the political parties opposing the step, i felt really bad. I can't believe how any Indian Political Party can even think of criticizing such a bold step??? I am not a blind follower of BJP or Modiji, but have to say hats off for this bold step to BJP, to Modiji and also to Amit Shahji. Congratulations to all Indians. Proud Moment for every citizen !!!!!!!!

**Bhavya Popat, Advocate and Editor Tax Today**

જમ્મુ કાશ્મીરમાંથી 35A અને 370ની કલમ હટાવી દેવાથી આતંકવાદી પ્રવૃત્તિઓ અટકશે.દેશને વિભાજન તરફ લઈ જઈ રહેલા તત્વો ને પ્રોત્સાહન મળશે નહીં

**મુકેશભાઈ જોષી, સંચાલક ગાયત્રી સ્કૂલ, ઉના**

આર્ટીકલ 370/35A જમ્મુ અને કશ્મીરમાંથી હટાવવાનો એક ખૂબ જ સાહસિક નિર્ણય લેવા બદલ દેશની સરકારનો ખૂબ ખૂબ આભાર. આ નિર્ણય એક ખૂબ જ સમજદારી પૂર્વક તથા સંપૂર્ણ પૂર્વતૈયારી સાથે લેવામાં આવેલ છે કે જેથી જમ્મુ-કશ્મીરમાં કોઈપણ પ્રકારની અઘટિત ઘટના ન ઘટે. બીજો નિર્ણય જમ્મુ-કશ્મીરના બે ભાગ કરી અને તેમને કેન્દ્રશાષિત પ્રદેશ જાહેર કરેલ. આ નિર્ણય ના લીધે જમ્મુ-કશ્મીરના લોકોને દેશના વિકાસમાં સહભાગી થવાનો તથા દેશની તમામ સેવાઓનો લાભ મળશે અને છેલ્લા ૭૦ વર્ષોથી તેમનો વિકાસ રૂંધાયેલો છે તેમને કેન્દ્રના શાશન નીચે સાચી દિશા મળશે અને દેશ હિતમાં ભાગીદાર થાય શકશે. આ સાહસિક નિર્ણય લેવા બદલ લાખ લાખ સલામ... અભિનંદન.... જય હિન્દ..... વંદે માતરમ....

**ઉમંગભાઈ કોટક, શિક્ષક, ઉના**

Because of removal of 370 and 35 A * firstly now India get head of his body education industries business will devlop in these u.t and may be control on violence activities. Now we can say united we stand divided we fall

**Nehalben Joshi, Advocate, Una**

એક જન્મથી ગુજરાતી ભારતીય ગૃહમંત્રી શાહે ૩૭૦ અને ૩૫એ હટાવીને જન્મથી ગુજરાતી ભૂતપૂર્વ ગૃહમંત્રી સરદાર સારે હિન્દ કે સરદાર સાહેબને આજે સાચી શ્રધ્ધાંજલી આપી. ભરાતમાતાકી જય..

**સમીર તેજુરા, એડવોકેટ પોરબંદર**

પ્રવર્તમાન સરકાર દ્વારા લેવાયેલ અનુછેદ ૩૭૦ હટાવવા ના નિર્ણય થી જમ્મુ કાશ્મીર ની તકદીર અને તસ્વીર બદલાઈ જશે તેવું હું માનું છું. આજની તારીખ ભારત ના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરો માં લખવામાં આવશે. વિચારો તો ખરા એક જ દેશ માં બે સંવિધાન!!! એક દેશ બે વિધાન!! પૂર્ણ શરીર માંથી સ્વર્ગ સમાન ધડ અલગ!!! સ્વસ્થ શરીરમાનું મસ્તિષ્ક જ બીમાર!!! આ તમામ બાબતો પર એક સાથે પડદો પડી ગયો. એમ કહી શકાય કે છેલ્લા ૭૦ વર્ષથી કાશ્મીરમાં મુખ્યત્વે બે વિભાગો હતા. ૧ ટુરિઝમ વિભાગ અને ૨ ટેરરરિઝમ વિભાગ. જે નિર્ણય ની રાહ છેલ્લા ૭૦ વર્ષ થઈ ભારતવાસીઓ જોઈ રહ્યા હતા તે નિર્ણય આજે લેવાયો છે. હવે ભારત પૂર્ણ સ્વસ્થ શરીર સાથે પૂર્ણ કળાએ ખીલી શકશે. અખંડ ભારતનું સપનું હવે સાકાર થશે. સરકારના આ નિર્ણય માટે દેશની જનતા દ્વારા સલામ!! અંતમાં કહીશ કે નહેરુજીની ભૂલ મોદીજીએ સુધારી.

**કિંજલબેન કાનાબાર, શિક્ષક, ઉના**

જમ્મુ કાશ્મીરને ભારતીય બંધારણમાં ખાસ પ્રકારના ફાયદા આપવામાં આવ્યા હતા. અનુછેદ 35A તથા 370ના કારણે અમુક ખાસ પ્રકારના લાભો ત્યાંના લોકોને તથા ત્યાં ના વિધાનસભા ને આપવામાં આવેલ છે. જમ્મુ કાશ્મીર એ ભારતનો એક ભાગ હોઈ તો આવા વિશિષ્ટ લાભો તેમને શુ કરવા?? આ પ્રશ્નો હંમેશા રહેતો હતો. ભારત ના તમામ પ્રકારના લાભો ધરાવતું જમ્મુ અને કાશ્મીર પોતાનો ધ્વજ તથા કોન્સ્ટીટ્યુશન પણ ધરાવતું હતું. શુ આ યોગ્ય કહેવાય??? ભારત સરકાર નો આ નિર્ણય ખૂબ પ્રશ્નશનિય છે અને મને વિશ્વાસ છે કે આ નિર્ણય થઈ જમ્મુ અને કાશ્મીર ને રાજ્ય તરીકે તથા ત્યાંની પ્રજા ને ખૂબ લાભ થશે.

**સંગીતાબેન ખેંગાર, શિક્ષક, ઉના**

# ૦૩ જી ઓગસ્ટ સુધી ભરાયેલા GSTR 9 (વાર્ષિક) તથા GSTR 9C (ઓડિટ) ભર્યાના આકડા જોઈ તમે અચરજ પામશો!!! શું આ રિટર્ન/ઓડિટ સમયસર ફાઈલ થઈ શકે???

૦૮.૦૮.૨૦૧૯: ભારત સરકાર ના નાણાં મંત્રાલય દ્વારા ૦૮ ઓગસ્ટ ના રોજ ૨૦૧૭ ૧૮ ના જ.એસ.ટી. વાર્ષિક રિટર્ન (9 તથા 9A) તથા રિકન્સિલેશન સ્ટેટમેંટ (9C) ભરાયા ના આંકડા બહાર પાડવામાં આવ્યા છે. આ આકડા મુજબ, ૦૩ ઓગસ્ટ સુધી નીચે મુજબ ના રિટર્ન તથા ઓડિટ ભરાયા છે.

કુલ કરદાતા .............................. ૧.૩૦ કરોડ
GSTR 9 .............................. ૧૪,૮૫,૮૬૩/-
GSTR 9C .............................. ૪,૩૩,૧૪૮/-
ઓડિટને પાત્ર કરદાતા (અંદાજિત) .. ૧૧,૭૩,૦૦૦/-
GSTR 9C .............................. ૧૧,૩૩૫/-

આમ, અંદાજે કુલ ભારવપત્ર વાર્ષિક રિટર્ન માથી માત્ર ૧૫% જેટલા વાર્ષિક રિટર્ન ભરાયા છે. રિકન્સિલેશન ની વાત કરીએ તો માત્ર ૧% રિકનસીલેશન સ્ટેટમેન્ટ ૦૩ ઓગસ્ટ સુધીમાં ભરાયા છે. આ દર્શાવે છે કે સરકાર દ્વારા જી.એસ.ટી. વાર્ષિક કે ઓડિટ અંગે ખુલાસાઓ આપ્યા હોવા છતાં પ્રોફેશનલ્સ, કરદાતા જી.એસ.ટી. વાર્ષિક તથા ઓડિટ ભરવા અસંમજસ માં છે. સેન્ટરલ બોર્ડ ઓફ ઇંડાયરેક્ટ ટેક્સ એન્ડ કસ્ટમ ના ચેરમેન પ્રણબ કે. દાસ




દ્વારા પોતાના ઓફિસરો ને સૂચના બહાર પાડી છે કે જી.એસ.ટી. વાર્ષિક તથા ઓડિટ માટે કરદાતાઓ ની સમક્ષ આઉટ રીચ પ્રોગ્રામ દ્વારા કરદાતાઓ ને વાર્ષિક રિટર્ન તથા રીકંસીલેશન સ્ટેટમેન્ટ અંગે માર્ગદર્શન આપવા તથા પ્રોત્સાહિત કરવા જણાવવામાં આવ્યું છે. નેશનલ એક્શન કમિટી ના રાષ્ટ્રીય સયોજક અક્ષત વ્યાસએ એક પ્રેસ કોન્ફરન્સ માં જણાવ્યુ છે કે હાલ માત્ર ૧૫% જેટલા વાર્ષિક રિટર્ન ભરાયા હોય, ૧% રિકન્સિલેશન સ્ટેટમેન્ટ ભરાયા હોય, કોઈ પણ સંજોગો માં આવનારા ૨૦ દિવસ માં આ કામગીરી પુર્ણા થઈ શકે તેમ લાગતું નથી. આમ, વાર્ષિક તથા રિકનસીલેશન સ્ટેટમેન્ટ ની મુદ્દત વધારવી ખૂબ જરૂરી છે. આ ઉપરાંત રિકન્સિલેશન સ્ટેટમેન્ટ બનાવવા માટે જી.એસ.ટી. કાયદા હેઠળ CA તથા CMA (કોસ્ટ એકાઉન્ટન્ટ) નેજ સત્તા આપવામાં આવેલ છે. CA તથા CMAની દેશભરમાં સંખ્યા જોઈને આ કાર્ય સમયસર પુર્ણ કરવું મુશ્કેલ જણાઈ રહ્યું છે. ભૂતકાળમાં વેટ કાયદા હેઠળ એડવોકેટ તથા ટેક્સ પ્રેકટીશનરને પણ અમુક રાજ્યોમાં ઓડિટની સત્તા આપવામાં આવેલ હતી. જ્યારે રિકન્સિલેશન સ્ટેટમેન્ટમાં આ સત્તા હાલ આપવામાં આવેલ નથી. ટેક્સ ટુડે જી.એસ.ટી. કાઉન્સીલને ભાર પૂર્વક અપીલ કરે છે કે જી.એસ.ટી. કાયદા હેઠળ રિકનસીલેશન સ્ટેટમેન્ટ સર્ટીફાય કરવાની સત્તા એડવોકેટ તથા જી.એસ.ટી. પ્રેકટીશનર ને પણ આપવામાં આવે. આ તકે એ વાત ભૂલવી ના જોઈએ કે જમીની સ્તરે એડવોકેટ તથા જી.એસ.ટી. પ્રેકટીશનર્સ જી.એસ.ટી. ની પ્રકટીસ કરવામાં સામેલ હોય છે. કદાચ રિકનસીલેશન સ્ટેટમેન્ટ ઓછા ભરાયા હોવા પાછળ આ કારણ પણ મહત્વનો ભાગ ભજવી રહ્યું હોય તેની સંભાવના પણ નકારી શકાય નહીં!!! (ભવ્ય પોપટ, એડિટર, ટેક્સ ટુડે)

# NAC ઑફ GSTPની અમરેલી જિલ્લા ટીમ દ્વારા કેન્દ્રના મંત્રી શ્રી પુરૂષોતમ રૂપાલાને એડવોકેટ તથા ટેક્સ પ્રેક્ટિશનર્સને જી.એસ.ટી. ઓડિટ મળે તે અંગે રજુઆત

તા. ૨૮.૦૭.૨૦૧૯: નેશનલ એક્શન કમિટી ઓફ જી.એસ.ટી. પ્રોફેશનલ્સ ના અમરેલી જિલ્લા સંયોજક મનીષ દવે તથા તેમની ટિમ દ્વારા ઓડિટ અંગે ની માંગણીઓ ને લઈને કેન્દ્ર સરકાર માં મંત્રી અને ભા.જ.પ. ના આગેવાન પુરુષોત્તમભાઈ રૂપાલા ની મુલાકાત લીધી હતી. ઉલ્લેખનીય છે કે હાલ જી.એસ.ટી. કાયદા હેઠળ ઓડિટ કરવાની સત્તા માત્ર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, કોસ્ટ એકાઉન્ટન્ટને આપવામાં આવેલ



છે. વિવિધ વેટ કાયદા હેઠળ આ સતા એડવોકેટ તથા પ્રેક્ટિશનર્સને પણ આપવામાં આવેલ હતી. આવીજ રીતે જી.એસ.ટી.માં પણ આ સત્તા આપવાની માંગણી લાંબા સમયથી NAC કરી રહી છે. પુરષોતમ રૂપાલા એ આ રજુઆત યોગ્ય આગેવાનો તથા સતાધિકારીઓને પહોંચાડવાની હૈયાધારણા ટિમ NAC ને આપેલ હતી. (નીરવ ઝીંઝુવાડિયા, પ્રેસ રિપોર્ટર ટેક્સ ટુડે, અમરેલી)

# શું જી.એસ.ટી. કાયદા હેઠળ ૨૦૧૭-૧૮નું વાર્ષિક રિટર્ન ભરવાનું બાકી છે?? ૩૧ ઓગસ્ટ પહેલા આ રિટર્ન ભરી દો બાકી આવશે મોટી લેઈટ ફી!!!

ઉના: તા: ૧૧.૦૮.૧૯: જી.એસ.ટી. કાયદા ની અમલવારી ૦૧ જુલાઇ ૨૦૧૭ થી શરૂ થઈ છે. વર્ષ ૨૦૧૭ ૧૮ ના વર્ષ ના વાર્ષિક રિટર્ન તથા જેમને જી.એસ.ટી. ઓડિટ લાગુ પડે છે તેમને આ ઓડિટ ઓનલાઈન ભરવા માટે ની મૂળ મુદત ૩૧.૧૨.૨૦૧૮ હતી. પરંતુ પ્રથમ વર્ષ હોય, આ રિટર્ન ભરવામાં કરદાતાઓ (કરદાતા ના સ્થાને કર વ્યવસાયી એમ વાંચવું) ને પડી રહેલી મુશ્કેલી ની ધ્યાને લઈ આ મુદ્દત ૩૧ માર્ચ ૧૯ અને ત્યારબાદ ૩૧ ઓગસ્ટ ૨૦૧૯ સુધી વધારવામાં આવેલ છે. હમણાંજ સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલ આકડા મુજબ કુલ વાર્ષિક રિટર્નમાંના માત્ર ૧૫% રિટર્ન તથા કુલ જી.એસ.ટી. ઓડિટમાંના માત્ર ૧% ઓડિટ ફાઇલ થયા છે. આ આંકડા જોઈ ને સરકાર દ્વારા પોતાના અધિકારીઓને કરદાતાઓ સુધી પહોચી આ રિટર્ન તથા ઓડિટ ભરવા સમજાવવા વિવિધ કાર્યક્રમ કરવા તાકીદ કરવામાં આવેલ છે.

જી.એસ.ટી. હેઠળ વાર્ષિક રિટર્ન ભરવું તથા ઓડિટ સમયસર કરવું ખૂબ જરૂરી છે. કારણકે જો આ વાર્ષિક રિટર્ન ભરવામાં મોડુ કરવામાં આવે તો રોજ ના રૂ ૨૦૦ (CGST 100+SGST 100)ની લેટ ફી ચડશે. આ લેઈટ ફી ની મહતમ રકમ જે તે રાજ્ય કે કેન્દ્ર શાશીત પ્રદેશના ટર્નઓવરના ૦.૫ (0.25 CGST + 0.25 SGST) લાગુ રહેશે. આ તકે ખાસ ગુજરાત જેવા રાજ્યો ના કરદાતા, એકાઉન્ટન્ટ એ આ બાબત જાણવી જરૂરી છે કે ગુજરાત વેટ કાયદા હેઠળ વાર્ષિક રિટર્ન માં કોઈ પેનલ્ટી ના હતી. પરંતુ જી.એસ.ટી. કાયદામાં આ પેનલ્ટી, લેઈટ ફી ના સ્વરૂપમાં ખૂબ મોટી છે.

ટેક્સ ટુડે તમામ કરદાતા, કર વ્યવસાયી ઑ ને અપીલ કરે છે કે જી.એસ.ટી. કાયદા હેઠળ ના વાર્ષિક રિટર્ન ભરવા અંગે તત્પરતા દાખવી આ રિટર્ન ભરી આપે. આ ઉપરાંત ટેક્સ ટુડે ના મધ્યમ થી કરદાતાઓ ના હિત માં જી.એસ.ટી. કાઉન્સીલ ને અપીલ કરે છે કે ૨૦૧૭-૧૮ ના વર્ષ માટે ના વાર્ષિક રિટર્ન ની મુદ્દત માં વધારો કરવા ના બદલે આ રિટર્ન માટેની લેઈટ ફી વેવ કરવામાં આવે. આ મુદ્દત માં જેમ જેમ વધારો થઈ રહ્યો છે તેના કારણે આકારણી ની સમય મર્યાદા માં પણ આપો આપ વધારો થઈ રહ્યો છે. આ કોઈ રીતે વ્યાજબી નથી.

◆ Year: 3, ◆ Issue No.11, ◆ Continue Issue No.34, ◆ Date: 17/08/2019, Saturday, ◆ Page-4, ◆ Retail Price: 10/-, ◆ Annual Subscription Rs.100/-
◆ Owned & Published by: Bhavya Dipakbhai Popat, ◆ Published at: 202-203, Dhruv Complex, Opp. Police Quaters, Una, Dist. Gir Somnath.
◆ Editor: Bhavya Dipakbhai Popat ◆ Printed at : Prathamesh Offset, Gondra Chowk. Una.